જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૯/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૨૩૫/૨૦૨૬**

પાલડી પો.સ્ટે. ગુ.ર.નં.૬૮/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩),૩૫૬,૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૨૪૫/૨૦૨૦ મુજબ ગુનાના કામે નવિનભાઈ બાબુભાઈ પરમાર (રહે. બલ્લુ માસ્તરના ડેલામાં રજત ક્વાર્ટર્સની સામે કાગડાપીઠ અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી બી.બી.જાદવ સાહેબ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, **૧૯** વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ, ૬૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦૧ બિયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૪૨,૪૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૩૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૩૮/૨૦૨૬**

નવરંગપુરાઃ અભિષેક મહેન્દ્રભાઈ ગોટી (ઉ.વ.૨૭) (રહે. વૃંદાવન કોમ્પલેક્ષ શિલ્પા મેડીકલ સામે હિરાવાડી બાપુનગર) એ તા.૦૪/૦૯/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા લો ગાર્ડન જી.એલ.એસ.કોલેજ ગેટ નંબર–૮ સામે સાચેત ૨ ઓફીસ ૧૦૫ ખાતે SYNTROFIA OVERSEAS નામની વિઝા કન્સલ્ટન્સીના માલીક અંકીતભાઈ પટેલ નાઓએ વર્કપરમીટના વિઝા કરાવી આપવાનો ભરોસો તથા વિશ્વાસ અપાવી અભિષેક ગોટી પાસેથી રૂપિયા ૨૭,૦૦,૦૦૦/–મેળવી લઈ વિઝાની કાર્યવાહી નહી કરતા આપેલ નાણાં પરત માંગતા આપેલ નાણાં પૈકી રૂપિયા ૫,૭૫,૦૦૦/– પરત આપી બાકી નિકળતા રૂપિયા ૨૧,૨૫,૦૦૦/– પરત નહી આપી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.દેસાઇ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ નિયતીબહેન વા/ઓ નૈમીલ જૈન (ઉ.વ.૩૪) (રહે. હિમાલયા ઝીરકોન ફલેટ સંગાથ મોલ પાછળ મોટેરા ચાંદખેડા) એ તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૬ થી આશરે નવેક મહીના પહેલાના સમયગાળા દરમ્યાન આરોપી રાજેશ ઉર્ફે રાજભા બાબુલાલ રાઠોડ (રહે. હિરામણી એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર તળાવ પાસે) નાઓએ નિયતીબહેન જૈન તથા સાહેદોને પોતે ઔડાના ડિરેકટર હોવાનું જણાવી ઔડામા મકાન અપાવવા વિશ્વાસમા લઈ તમામ પાસેથી મળી કુલ રૂપિયા ૨૪,૫૦,૦૦૦/–મેળવી લઈ ઔડામા મકાન નહી અપાવી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરે છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

નારોલઃ કીર્તીકુમાર બળવંતભાઇ પટેલ (ઉ.વ.૪૨) (રહે. કર્ણાવતી–૦૫ નક્ષત્ર હાઇટ્સની બાજુમાં પુજા ફાર્મ રોડ નારોલ) એ તા.૦૪/૦૯/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૮૨૭૪૦૫૬૮૩૪ તથા ૯૮૭૫૫૪૨૮૭૧ ના ઉપયોગકર્તાએ અદાણી ગેસના બીલના ઓનલાઇન પેમેન્ટ ચુકવવા બાબતે વાતચીત કરી અદાણી ગેસના બીલના ઓનલાઇન પેમેન્ટની પ્રોસેસ કરાવી કીર્તીકુમાર પટેલના બેન્ક ખાતા માંથી રૂપિયા ૧,૦૦,૦૯૯/– ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૨૩૯/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ મીતુલ સ/ઓ સુનીલ દેવાણી (રહે.શાંતીનિકેતન વેદાંત હાઇલેન્ડ વેદાંત કદમ પાછળ એસ.પી.રીંગ રોડ ઓગણજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૬ કલાક ૦૨/૦૦ થી ૦૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાનુ બ્રેસલેટ કિમત રૂપિયા ૧,૮૭,૫૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બિ.પી.ડિન્ડોર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૪૦/૨૦૨૬**

સાબરમતીઃ શૈવાલી ડો/ઓ પ્રજ્ઞેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬) (રહે. સીધ્ધી બંગ્લોઝ ક્ષીતીજ હોટેલ પાસે ન્યુ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને ઓમ આઈ.સી.યુ.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

અમરાઈવાડીઃ અખીલ ફકીર બદ્યા (ઉ.વ.૫૭) (રહે. શિવાનંદનગર સત્યમનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૯/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યા પહેલા અમરાઈવાડી શિવાનંદનગર સત્યમનગર ખાતે ભાડાની ભોંય તળીયાની દુકાન નંબર–૦૧ ખાતે પંખામાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૌશિકસિંહ દિપાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી